ગાંધીનગર સમાચાર

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ ધન**

**આજના ગ્રહોની કુંડળી**



**સવારે ૯.૪૭ મી. ચંદ્ર ધનમાં આવે છે. શુક્ર-મંગળને ગુરુ - સૂર્ય પરિવતર્નથી ઉચ્ચના થાય છે. શુભ માલાયોગ થાય છે. આજે ગુરુ વક્રી થાય છે.**

**મેષ** આપના વડીલોના માર્ગદર્શન મુજબ આપની સમસ્યોનો ઉકેલ આવશે. સંતાનોનું ભાગ્ય બદલાય. સંતાનોના હાલના ધંધો - નોકરી બદલાય.

**વૃષભ** વધુ પડતા આત્મિવશ્વાસના કારણે મુશ્કેલીમાં ન મુકી જો તેનું ધ્યાન રાખશો. પડવા - વાગવા તથા અકસ્માતથી સાચવવું, ભક્તિ કરવી.

**મિથુન** તમારી બુદ્ધિના ચમકારા તમો નજીકના ભિવષ્યમાં સમાજને દર્શાવી શકશો. ભાગીદારીની તક આવે તો જતી કરજો. હિતાવહ નથી. સંતાનની પ્રગતિ થાય.

**કર્ક** બીજે વક્રી ગુરુ ને ચોથે મંગળ ખોટા વિચારો વધુ લાવે. નેગેટીવ વિચારવાને બદલે તમારી પ્રગતિ થાય તેવા વિચારો - આચારોને પ્રાધાન્ય આપશો.

**સિંહ** રાશિમાં વક્રી ગુરુ - ચોથે શનિ - પાંચમે સૂર્ય - ચંદ્રની યુતિનો અમાસ યોગ તમોને સારું ફળ ઓછું તે ખરાબ ફળ વધુ મળે. સાવચેતી રાખવી.

**કન્યા** રાશિમાં રાહુ - બીજે મંગળ - ભીજે શનિ - ચોથે સૂયર્ વિ. ક્રુર ગ્રહોની માયાજાળમાં હેરાન પરેશાન ન થાઓ તેની સાવચેતી રાખવી.

**તુલા** રાશિમાં મંગળ ન્યાયતંત્રને પરેશાન કરે, ઉપરી સાથે ઘર્ષણમાં ઉતરવું પડે. સંતાનોને તેમના પ્રશ્નો ઉકેલવામાં સહાયરૂપ થશો. દાંમ્પત્ય જીવન સારું રહેશે.

**વૃશ્ચિક** સૂર્ય - ચંદ્ર - શનિની પનોતીમાં થોડી રાહત કરાવે. બારમે મંગળ નુકસાન કરાવે. વાદ - વિવાદમાં ઉતરવું નહીં.

**ધન** રાશિમાં સૂર્ય - ચંદ્ર - અમાસ યોગ - મન - આત્માને નબળા પાડે. બારમે શનિની પનોતી છે તે પણ નુકસાનકારક છે. દસમે રાહુ રાહત કરાવે.

**મકર** રાશિમાં બુધ સારો છે. બારમે સૂર્ય - ચંદ્ર ખર્ચા કરાવે (આયોજન વિનાના) ધ્યાન રાખીને ચાલવું. આર્થિક રીતે ધ્યાનથી ખર્ચા કરવા.

**કુંભ** સાતમે ગુરુવક્રી હોઈ તેમજ દસમે શુક્ર શનિ હોઈ મિશ્ર ફળ આપે. અગિયારમે સૂર્ય - ચંદ્ર લાભદાયક દિવસ પસાર કરાવે. ઈષ્ટદેવની પૂજા કરવી.

**મીન** બાલ્યાવસ્થામાં ચાલતો રાહુ સાતમા સ્થાનથી તા. ૩૦મીના રોજ છઠ્ઠા સ્થાનમાં આવશે ત્યારબાદ પ્રગતિનો માર્ગ આપોઆપ સરળ બની જશે.

## જાહેર આરોગ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રસંગે ગુજરાતના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે રાજ્યમાં ૨૦૦૭ પછી એક પણ પોલિયોનો કેસ સામે આવ્યો નથી તેવુ જણાવતા અન્ય રોગોની નાબૂદી માટે પણ અગ્રીમતાનો સ્વીકાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સાતત્યપૂર્ણ સર્વાંગી વિકાસ માટે પબ્લિક હેલ્થની જાળવણી ખૂબ મહત્વની છે. સ્થાનિક સ્વરાજની તમામ સંસ્થાઓ તથા જાહેર માળખુ આરોગ્ય અંગેની બાબતોથી અલગ નથી. નીતિનભાઈ પટેલે રોગના ઉપચાર સાથે અગાઉથી ઓળખ કરી પ્રિવેન્ટીવ પગલાની અગત્યતાનો સ્વીકાર કરતા તે સંદર્ભે પુરતુ ધ્યાન આપવાના ખાત્રી આપી હતી.

ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં આવેલ મેડિકલ કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજાયેલ આ કોન્ફરન્સમાં ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીન ગુજરાત ચેપ્ટરની ર૩મી સ્ટેટ કોન્ફરન્સ અને ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશનની પમી સ્ટેટ કોન્ફરન્સનો પણ સમાવેશ કરી દેવાયો છે. આ કાર્યક્રમમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના ભારતના પ્રતિનિધિ ડૉ. હેંક બેકડમે પણ ઉપસ્થિત રહી મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંગે વિચારો રજૂ કર્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થના નિયામક પ્રો. સંજય ઝોડપે, ગુજરાતના સ્વાસ્થ સચિવ જે.પી. ગુપ્તા અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થના નિયામક ડૉ. દિલીપ માવલંકર ઉપસ્થિત રહ્યા હતા.

## તન દુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

અઠવાડિયામાં એક લેવું અને ત્યાર પછી દર છ મહીને એક વાર ઈન્જેકસન લેવા જોઈએ. અને પછી જરૂરિયાત પડે તો બે મહીને અથવાતો છ-છ મહીને બુસ્ટર ડોઝ લેવો જોઈએ.

અરે ભાઈ આતો બહુ અઘરું છે યાર કેટલી સોયો ખાવાની? પણ ભાઈ તમારી આ ખામી ને પહોચી વળવા માટે આવું તો કરવુજ જોઈએ એવું સારા ફીઝીસિયન કહે છે.ભાઈ વિટામીન B-12 તો બહુ માથા કૂટ છે એવું કહેવાય. ચાર ગુજરાતી માંથી ત્રણ ગુજરાતીને વિટામીન B-12 ની ઉણપ હોઈ શકે છે. સામાન્ય રીતે માસાં હારી અને DAIRY પ્રોડક્ટ વાપરવા વાળા ને વિટામીન B-12 ની ઓછી ઉણપ જોવા મળે છે, નીચે બતાવેલા રોગો માં વિટામીન B-12 ની ઉણપ હોઈ શકે છે.

ANEMIA, AUSTISM, CANCER,CARDIO VASCULAR DISEASE, DEPRESSION, HOMOCYSTINURIA, LUPAS, MALE AND FEMALE INFERTILITY, MULTIPLE SCLEROSIS, RHEUMATOID ARTHRITIS

ભાઈ આગળ વધી ને કહું તો માથાના વાળ ખરી જાય,ઓછા થઈ જાય તો અથવા તો કલર ગ્રે થઈ જાય તો પણ વિટામીન B-12 ઓછું હોઈ શકે છે બાળકના થવાના પ્રોબ્લેમ માં પણ બહેનો અને ભાઈઓ માં વિટામીન B-12 ઓછું હોઈ શકે છે.ભાઈ અમારે વિટામીન B-12 નો ટેસ્ટ નથી કરવો એ સિવાય શું અમને વિટામીન B-12 ની ઉણપ હોય તો ખબર પડે ? હા સામાન્ય રીતે વિટામીન B-12 નો ટેસ્ટ કરાવવો જ જોઈએ જેમાં અડધા પોણા કલાક માં તમને વિટામીન B-12 નું રીઝલ્ટ આવી જતું હોય છે પણ વિટામીન B-12નો ખર્ચો ના કરવો હોય તો HAEMOGRAM (hbtcdc)માં MCVની VALUE ૧૦૦ કરતા વધરે હોય તો માની લેવું જોઈએ કે તેમને વિટામીન B-12 ની ઉણપ હોઈ શકે.જોકે દરેક કેસ માં એવું બનતું નથી હોતું કે MCV નોર્મલ હોવા છતા પણ વિટામીન B-12 ઓછું હોઈ શકે છે,ઘણા એવું પણ માને છે કે અત્યારે ઘરે ઘરે વોટર કુલર માં RO સીસ્ટમ લગાવેલી હોય છે.જેમાં RO વાળા પાણી માં વિટામીન B-12 નું તત્વ શરીર માં જતું નથી અથવા તો અટકે છે માટે વિટામીન B-12 ની ઉણપ શરીર માં ઉભી થાય છે તેવું બને છે તેવું લોકો માંને છે પણ વૈજ્ઞાનિક રીતે તો હજી તે સાબિત થયું નથી.હજી કઈ પ્રશ્ન હોય તો વિના સંકોચે અમને યાદ કરશો તો તમારો યોગ્ય જવાબ અમે આપીશું

નોધ – વિટામીન B-12 લીધા પછી વિટામીન B-12નો ટેસ્ટ ન કરાવવો. વિટામીન B-12 લીધા પછી તેનું રીઝલ્ટ ૨૦૦૦ થી વધારે આવશે જ....કારણ કે. વિટામીન B-12નો કોર્સ ચાલુ છે. માટે જ કોર્સ પૂરો કર્યા પછી બે મહિના પછી ફરીથી વિટામીન B-12નો ટેસ્ટ કરાવશો.

# ડીસામાં રાજસ્થાનના યુવકે શરતમાં લોખંડની “સાણસી” ગળતા નાજુક હાલત

## હોસ્પિટલ ખસેડાયો : ડીસામાં સર્જીકલો હાથ ધરશે ઓપરેશન



ડીસા, તા. ૭

બનાસકાંઠાના ડીસામાં જવલ્લે જ જોવા મળતા કેસમાં રાજસ્થાનના એક ૨૮ વર્ષીય યુવકે નજીવા પૈસા મળવાની શરતે લોખંડી સાણસી પેટમાં પધરાવતા તેની હાલત નાજુક બની છે. જો કે આ યુવકને રાજસ્થાન બાદ ડીસા સારવાર અર્થે ખસેડાયો છે, જ્યાં તે જીવન અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

આ ઘટનાની વિગતો જોઈએ તો રાજસ્થાનના સાંચોર તાલુકાના પાંસડા ગામનો રહીશ ભવરલાલ સુરાભાઈ મેઘવાલ ઉ.વ. ૨૮ દ્વારા એક દિવસ અગાઉ પોતાના મિત્રો સાથે ટીખળ અને ગમ્મત બાદ તેને જાહેર કરેલ કે તે દિલધડક સ્ટંટ દશ્યો ભજવતા કલાકારોની જેમ પોતે પણ લોખંડની આખી સાણસી મોઢા વાટે પેટમાં ઉતારી બહાર કાઢી શકે છે તેવી શરત મારી હતી. જો કે આ શરત તેને ભારે પડી હતી. અને આ અખતરો કરતા લોખંડી એકાદ ફૂટ લાંબી સાણસી સીધી અન્નનળી મારફતે પેટમાં ઘુસી ગઈ હતી,

જો કે તે બાદ આ યુવકની હાલત નાજુક બનતા તેને પ્રથમ રાજસ્થાન અને તે બાદ ડીસાના ડૉ. તપન ગાંધી હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. હાલની તાઝા સ્થિતિ જોઈએ તો આ યુવક ભવરલાલ સુરાભાઈ મેઘવાલને બનાસકાંઠાના ડૉ. તપનભાઈ ગાંધીની હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે વેન્ટીલેટર પર રાખવામાં આવેલ છે.

જેમાં ડૉ. ગુર્જરીએ જણાવેલ કે દર્દીની હાલત નાજુક છે, જેનું આજે રાત્રે ૯ કલાકે વિશેષ સર્જીકલ વીભાગના તબીબોની ટીમ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવશે. તેમને વધુમાં જણાવેલ કે આ ઓપરેશન રિસ્કી ઓપરેશનની વ્યાખ્યામાં આવતુ હોઈ તબીબો કાળજીપૂર્વક તેના આંતરિક અંગોને નુકશાન ન થાય તે રીતે આ ઓપરેશન હાથ ધરાશે. ત્યારે આ કિસ્સો હાલ આવા દિલ ધડક સ્ટંટ દશ્યો ભજવતા લોકો માટે લાલબત્તી સમાન બન્યો છે.





## પાલનપુરમાં પઠાણકોટના શહિદોને શ્રદ્ધાંજલિ અર્પી

તાજેતરમાં પંજાબના પઠાણકોટમાં થયેલાં આતંકવાદી હુમલાનાં પડઘા સમગ્ર ભારત દેશમાં પડ્યા છે. જેને લઈ તમામ દેશવાસીઓ ચિંતીત બન્યા છે ને સાથે આતંકવાદીઓ દ્વારા થયેલી નાપાક હરકતમાં દેશનાં સાત જાંબાજ જવાન અને અધિકારી શહીદ થયાં છે જેનાં માનમાં આજે યાત્રાધામ અંબાજી ખાતે જોય એજ્યુકેશન પરીવારનાં ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા અંબાજી શહેરમાં કેન્ડલ માર્ચ યોજી સદ્ગત આત્માઓને શ્રદ્ધાંજલી આપી હતી ને કેન્ડલ યાત્રા નગરભ્રમણ કરી માતાજી મંદિરનાં શક્તિ દ્વારે પૂર્ણ કરાઈ હતી. જ્યાં તમામ શહીદોનાં માનમાં મૌન પાળી શ્રદ્ધાજલિ અપી હતી.

## ઓળખાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટુંકા નિવેદનમાં વડાપ્રધાનની ઓફિસે કહ્યું હતું કે, રાષ્ટ્રીય અને પ્રાદેશિક સુરક્ષા સાથે સંબંધિત પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાણાપ્રધાન ઈશાકદાર, ગૃહમંત્રી નિસાર અલી ખાન, વિદેશી બાબતોના સલાહકાર સરતાજ અઝીઝ, અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નાસિર ખાન, વિદેશ સચિવ એઝાઝ અહેમદ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં ભારત દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર પર તપાસને ઝડપી કરવાનો નિર્ણય કરાયો હતો. અન્ય એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું હતું કે, ભારત દ્વારા આપવામાં આવેલી માહિતી પુરતા પ્રમાણમાં નથી. સુત્રોનું કહેવું છે કે, ભારત દ્વારા પાકિસ્તાન દ્વારા કરાયેલી પહેલ ઉપર નજર રખાઈ રહી છે.

## વાતચીત કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે આજે આ મુજબની વાત કરી હતી. આગામી વિદેશ સચિવ સ્તરની મંત્રણાના ભાવિ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, બોલ હવે પાકિસ્તાનની કોર્ટમાં છે. આ હુમલો સરહદ પારથી આતંકવાદને ફરી સજીવન કરે છે. સરકારની નીતિ પાકિસ્તાન પ્રત્યે બિલકુલ સ્પષ્ટ અને પારદર્શક છે. પાકિસ્તાન સહિત તમામ પડોશી દેશો સાથે ભારત સારા સંબંધ ઈચ્છે છે પરંતુ સરહદ પારથી આતંકવાદી ગતિવિધિને ભારત ચલાવી લેશે નહીં. આ તબક્કે આનાથી વિશેષ વાત કરવાની બાબત વહેલીતકે રહેશે. ભારત પાકિસ્તાન સંબંધોમાં નવી આશા દેખાઈ રહી છે. કારણ કે, નવાઝ શરીફને મળવા માટે વડાપ્રધાન મોદી આશ્ચર્યજનકરીતે લાહોર પહોંચી ગયા હતા જેનાથી વિશ્વમાં સારા સંકેત ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પંજાબના પઠાનકોટમાં એરફોર્સ બેઝને ટાર્ગેટ બનાવીને બીજી તારીખે વહેલી પરોઢે ત્રણ વાગે ત્રાસવાદીઓએ ભીષણ હુમલો કરી દીધો હતો.

સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ત્યારબાદ જોરદાર સામસામે ગોળીબારની રમઝટ શરૂ થઈ હતી. કલાકો સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ તમામ છ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ હુમલામાં ભારતના સાત જવાન શહીદ થયા હતા જેમાં એનએસજી કમાન્ડો લેફ્ટી કર્નલ નિરંજનનો સમાવેશ થાય છે.

# પ્રાંતિજના દલપુર પાસે કારચાલકે છ ને અડફેટે લેતા ત્રણના મોત

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલા પ્રાંતિજ તાલુકાના દલપુર પાસે કાર ચાલકે રોડની સાઈડમાં ઉભેલા છ ને અડફેટે લેતા ત્રણનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યા હતા. જ્યારે ત્રણને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં એકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ અમદાવાદ-હિંમતનગર ઉપર આવેલ પ્રાંતિજના દલપુર પીકઅપ સ્ટેન્ડ પાસે રાત્રીના ૯.૩૦ કલાકે હિંમતનગર બાજુથી અમદાવાદ તરફ દારૂ પીધેલી હાલતમાં સેવરોના કાર નંબર જીજે ૨૭.સી.૫૪૪નો ચાલક ફુલફાસ્ટ હંકારીને લાવી દલપુર પાસે ઉભેલા છ ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં યોગેશભાઈ ચીમનભાઈ પટેલ રહે. હાજીપુર ઉ.વ. ૩૨, જીગ્નેશભાઈ પ્રભુદાસ પટેલ રહે. હાજીપુર ઉ.વ. ૨૮, પાર્થ વિનોદભાઈ પટેલ રહે. ઝીઝવા ઉ.વ. ૨૮ ના ઘટનાસ્થળે મોત નિપજાવી ઘટના સ્થળેથી કાર ચાલક ભાગી ગયો હતો. જ્યારે ત્રણને અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યા પંકજભાઈ રામાભાઈ પટેલનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે હષિદકુમાર કનુભાઈ પટેલ રહે. હાજીપુર સારવાર હેઠળ છે. જ્યારે આ અંગેની પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ચિરાગકુમાર ગોપાલભાઈ પટેલ રહે. હાજીપુર, હિંમતનગર દ્વારા કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# આજે અમદાવાદમાં વીસરાતી વાનગીઓની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૭

આઈ.આઈ.એમ.એ. ન્યુ કેમ્પસ વસ્ત્રાપુર અમદાવાદના પટાંગણમાં આવતીકાલે તા. ૮મી જાન્યુઆરીના રોજ ૩.૦૦ કલાક દરમ્યાન પરંપરાગત વિસરાતી વાનગીઓની હરીફાઈનું આયોજન સૃષ્ટિ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

જેમાં અમદાવાદ અને સમગ્ર ગુજરાતભરમાંથી બહેનો પોતાની પરંપરાગત વાનગીઓ રજૂ કરશે. આ હરીફાઈનો મુખ્ય ઉદ્દેશ કોદરા, બંટી, બાવટો, કુરી, જુવાર જેવા હલકા ધાન્યોમાં રહેલ પોષણ મૂલ્યોની જનજાગૃતિ આવે અને આ અમુલ્ય ધાન્યો અંગે આવનારી જનરેશનને પરિચય કરાવવાનો છે. સમયના બદલાવ સાથે આપણાં આહારમાંથી આ પ્રકારની વનસ્પતિઓ અને ધાન્યોનો ઉપયોગ નામ શેષ થઈ રહ્યો છે. ત્યારે વિસરાતા જતા આહારની આ પરંપરાને જીવંત રાખવા માટે વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. વિસરાતા ધાન્યોને રોજીંદા આહારમાં પ્રાધન્ય આપવાની પહેલ સૃષ્ટિ સંસ્થાએ પ્રો. અનિલ ગુપ્તાના નેતૃત્વમાં છેલ્લા તેર વર્ષથી આરંભ્યુ છે. તા. ૯-૧૦-૧૧ જાન્યુઆરીના રોજ આઈ.આઈ.એમ. ન્યુ કેમ્પસમાં આવી વાનગીઓનું વિવિધ્ય તેમને જાણવા અને માણવા મળશે.

આ હરીફાઈમાં બહેનો તરફથી ગરાળુનો હલવો, એલોવેરા હલવો, ઉંબુડીયું, ગ્રીન મુખવાસ, રાગી ખજૂરની ગોળ વિનાની સુખડી, ચણા-જુવારના ઢેચા, ચોલાઈ ખીર, કળથીના ચિલ્લા, રાગી-રતાળુ-લીલવાની ટીકી, મલ્ટીગ્રેઈન ખીચડો, રાજભોગ દૂધ, સ્પ્રાઉટેડ ચાટ, વેજીટેબલ ઓટ્સ સુપ, મશરૂમ રોલ, મશરૂમ ટીકી, તાંદરાની ઘેંશ, બાજરીનું ચુરમું, અડદનો માઝુમ, દાલ પકવાન, મગ પુરી ચાટ, સોયા ફ્રેન્કી, બાજરીની રાબ, પારસી ધાનશાક, દાળની પુરી, રાગી-બાજરીની બાસ્કેટ ચાટ, ફાંદીયા, ત્રિધાન્ય ખીચડી, જવના ફાડાનો કરબો, કોદરીની ચકરી, જવની કેક, કેસર કોદરાનો સેવૈયા ફાલુદો, દૂધિયો રાજગરો, જુવારનું જાદરિયું, રાગી-સામાની બરફી, જવ-કોદરીની પેદ, રાગી-કોપરું-ગોળનો સૂંઠપાક, રાગી-ઓટ્સની કટલેસ, પૌષ્ટિક ચોકલેટ, સ્પ્રાઉટેડ રાગીની ખીર, કાંગ રાગીના માલપુઆ, હર્બલ મસાલા કેન્ડી, ગુલકંદ-ચંદન શરબત, મોરિંગા કેન્ડી, મહુડાના લાડુ, કુવાડિયાની ભાજીના મુઠિયા, કાંગની ઘેસ, ચાપડી ઉંધિયું, ‘ચખાઓ’ મણીપુરી બ્લેક રાઈસ ખીર, કોળાની સ્વીટ ડીશ, કારેલાનો ચેવડો, બાજરીનો મોહનથાળ જેવી અવનવી વાનગીઓનું વૈવિધ્ય રજુ થશે. આ હરિફાઈમાં ૬૦ બહેનોએ ભાગ લીધો અને તેમાં ૧૫૦થી વધુ વાનગીઓનું વૈવિધ્ય પીરસશે.

## માથાસુલિયા પ્રાથમિક શાળામાં ગુણોત્સવ કાર્યક્રમ યોજાયો

માથાસુલિયા પ્રાથમિક શાળામાં ગુણોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. ગુણોત્સવ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓનું આંતરિક મૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું. ધો-૬ થી ૮ના બાળકોનું મૂલ્યાંકન પ્રશ્નપેપર દ્વારા ઓએમઆર શીટમાં જવાબ લખી કરાવવામાં આવ્યું. ગુણોત્સવની કામગીરી અર્થે સરકાર તરફથી નિયુકત થયેલ શ્રી કે.એસ. અસારી સાહેબ તથા સી.આર.સી. કો. ઓ. મુકેશભાઈ પટેલ દ્વારા ૧૦.૩૦ થી ૫.૩૦ સુધી ગુણોત્સવ કામગીરી કરવામાં આવી. કામગીરીને અંતે ગ્રામજનોની એક બેઠક પણ મળી હતી જેમાં ગામના પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી હતી.

## મૂલ્યાંકન માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આજે ઈસનપુર મોટા ખાતે વિરોધ ગુણોત્સવ કાર્યક્રમનો થયો હતો. આ મુદ્દે કોંગ્રેસના આગેવાનોએ વિરોધ કર્યાનો સ્વીકાર પણ અખબારી યાદી દ્વારા કર્યો છે. જ્યારે દહેગામના કોંગી ધારાસભ્ય કામિનીબા રાઠોડ અને જિલ્લા પંચાયતના કોંગી પ્રમુખ શ્રી રામાજી ઠાકોર ગુણોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા.

આજે જિલ્લામાં એક સ્થાને નોંધાયેલા વિરોધને બાદ કરતાં પ્રથમ દિવસ શાંતિપૂર્ણ રહ્યો હતો. આજે પ્રથમ દિવસે ૨૪૩ શાળાઓમાં ગુણોત્સવ યોજાયો હતો. હવે બીજા દિવસે ૨૩૬ શાળાઓમાં આ ગુણોત્સવ યોજાવાનો છે.

જિલ્લામાં ગુણોત્સવ માટે ૭૨ રૂટ બનાવવામાં આવ્યા હતા. પરંતુ ૬ રૂટ પર કોઈજ ગયુ ન હતુ. ત્રણ પદાધિકારીઓ જોડાયા હતા. જિલ્લામાં ગુણોત્સવને લઈ આજે અધિકારીઓ શાળાઓમાં જતાં કચેરીઓમાં રજાનો માહોલ હોય તેવુ લાગતુ હતુ.